3/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૨૪

વર્ષ-૬ • અંક-૨૩૫ • સળંગ અંક - ૨૨૩૫ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૬.૩૭.૩૪
સંવત - ૨૦૮૨
કારતક સુદ-૦૬, રવિવાર
તા. ૨૬-૧૦-૨૦૨૫
સૂર્યાસ્ત - ૦૬.૦૭.૪૮

**દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે** | **'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ'** | **www.kutchipatrika.org**



**મોટી ખાખર** (હાલે અંધેરી-ઈસ્ટ) ના **અ.સૌ. ગીતા દિનેશ ગંગર** (ઉ.વ. ૬૫) માંદગીથી તા. ૨૪-૧૦-૨૫ના અવસાન પામેલ છે. દિનેશના પત્ની. માતુશ્રી હરખુબાઈ દામજીના પુત્રવધુ. મુરીબાઈ પુનશીના પૌત્રવધુ. લખમીબાઈ મુરજીના દોહીત્ર વહુ. મીતા, વિરલના માતા. ત્રિજલના દાદી. મોહીતા, ગામ તલવાણાના મેહુલ અશોકના સાસુ. વિપીન, સંગીતા, કુંદરોડી જયવંતી ચીમન, લાખાપરના ઉષા ધીરજના ભાભી. છાયાના દેરાણી. જીનલ વિવેકના કાકી. પરીન અશ્વિનના કાકી સાસુ. અમીત, ફેનીશ, રૂશીનના મામી. રાશી દેજલના મામી સાસુ. ગામ : કારાઘોઘાના વેજબાઈ હંસરાજ દેરાજના પૌત્રી. મણીબેન નથુભાઈના પુત્રી. હરખચંદ, રમેશ, જ્યોતિ, ઈલાના બહેન. મોખા હરેશ માલશી, કારાઘોઘા કનક હરીલાલના સાળી. દીનાબેનના નણંદ. પ્રતાપરના નીશા અલ્પેશ, બિદડાના નેહલ-વિનીતના ફુઈ. કારાઘોઘા રિધ્ધી શિવાંશુ, કરણ, ઝીલના માસી. બારોઈના દેવકાબેન ગાંગજી હંસરાજના દોહીત્રી. બારોઈના સાકરબેન મગનલાલના ભાણેજી. કારાઘોઘાના મોરારજી હંસરાજ, મુરજી હંસરાજના ભત્રીજી. મોટા લાયજાના કૈતાલી વસનજી ગડા, તલવાણાના ભારતી અશોક દેઢીયાના વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** એડ્રેસ : દિનેશ ગંગર, બી-૨૦૫, અમરનાથ એપાર્ટમેન્ટ, ગુંડવલી, અંધેરી (ઈસ્ટ). ૬૯. દિનેશ-૯૯૬૯૪૧૮૬૧૬, વિરલ-૮૨૮૬૯૯૯૩૫૩, મીતા-૯૮૭૦૭૦૬૧૩૧, વીપીન-૯૮૬૯૦૩૦૭૫.

4/1/1 --------- (1-1)



**ગુંદાલાના નેમજી હંસરાજ સંગોઈ (બોયડ)** (ઉંમર વર્ષ ૭૦) હાર્ટ એટેકથી તારીખ ૨૩-૧૦- ૨૦૨૫ના અવસાન પામેલ છે રતનબેન હંસરાજ લાલજીના પુત્ર. સ્વ. પ્રવિણાના પતિ. હેલીનાના પિતા. પ્રેમજી, પોપટલાલ,જયંવતીના ભાઈ. લીલાવંતી, તારાના દેર. લુણી રાઘવજી માલશીના સાલ. ધર્મેશ, રાજેશ, જતીન, ચેતના અલ્પા, જીનલના કાકા. પત્રી દીપક માવજી દેશલપર સ્વ. વિપુલ શામજી, નાગલપર તિમિર નીતિન, જ્યોતિ, આશાના કાકાઈ સસરા. અમિત હીનાના મામા. સ્વ. ભાવના, લુણી મનોજ ઉમરશીના મામાઈ સસરા. પુરબાઈ શીવજી લાલજી, છસરા ખેમઈબાઈ રામજી ઉકેડાના ભત્રીજા. પત્રી ભચીબાઈ પુંજા ધારશીના દોહીત્ર. કેસરબેન વેલજીના ભાણેજ. સમાઘોઘાના વેલબાઈ નાગશી સાવલાના જમાઈ. તેજશી, હરખચંદ, નિતીન સાકરબેન, લતાબેન, ચંચળબેનના બનેવી. કપાયા રામજી ઠાકરશી, કોડાય રજનીકાંત નેણશી, વડાલા પુનશી ગાંગજીના સાઢુભાઈ. રતનબેન, રંજનબેનના નણંદોઈ. હિતેન, ભાવના, ચાર્મીના ફુઆ. ભારતી, છાયા, ભાવના, ગિરીશ, પદ્મા, હિના, હિનેશ, હેમાંગ, મનોજ, રક્ષાના માસા. **પ્રાર્થના રાખેલ નથી.** ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ૧૨ નવકાર ગણવા. નિવાસ : હેલીના સંગોઈ, ૪૦૧, જીજ્ઞા આર્કેટ, સેક્ટર ૧૩, બોનકોડે, કોપર ખેરાણે, નવી મુંબઈ-૪૦૦૭૦૯. મો. ૭૦૨૧૨૩૮૮૮૭.

4/1/1 --------- (1-2)



**મોટા આસંબીયાના અ.સૌ. નંદીતા છેડા** (ઉ. વર્ષ ૭૨) તા. ૨૩-૧૦-૨૫નાં ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. ડો. વિનોદ શામજી શાહ (છેડા)ના ધર્મપત્ની. સ્વ. કુંતાબાઈ કુંવરજીના પૌત્રવધુ. સ્વ. સોનબાઈ શામજીના પુત્રવધુ. જસ્માના માતુશ્રી. સ્વ. ચંદ્રકાંત, સ્વ. મણીબેનના ભાઈપત્ની. સ્વ. ડો. મેઘજી નરશી ગોસરના સાળાવેલી. કિરણના દેરાણી. નીલ, લકીશના કાકી. સીમાના કાકી સાસુ. મો. આસંબીયાના લીના-નગીન, વડાલાના કોમલ-પંકજ, હેમલ-તુષાર, રાયણના પ્રિતી-સુનીલ, હેમંતના મામી. માનસીના મામી સાસુ. અવની, મેઘ ના કાકાણ દાદી. કોડાયના રતનબાઈ કલ્યાણજી રામજી લાલનના પુત્રી. સ્વ. ઉમેશના બહેન. નુતનના નણંદ. ઉત્સવ, જનકના ફોઈ. રાયચંદ, જયંતીલાલના ભત્રીજી. બીપીન, મયુર, બકુલના કાકાણ બેન. મોટી ખાખરના વેજબાઈ ટોકરશી ખેતશીના દોહીત્રી. વિમળા શાંતીલાલ, વિણા વિનોદ, બારોઈના લક્ષ્મીબેન વીરજી, રાયણના અમૃતબેન મણીલાલ, દેશલપુરના વિમળાબેન મગનલાલના ભાણેજી. **પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે.** ડો. વિનોદ શાહ, ૧૯/૫, સહકારનગર, વડાલા (વેસ્ટ) ૩૧. ફોન : વિનોદ-૯૮૭૦૪૦૯૦૯૦.

4/1/1 --------- (1-3)



**ભોજાયના** શ્રીમતી ભાનુમતી મગનલાલ ગાલાના જમાઈ **મધુકરભાઈ** (ઉ.વ. ૭૭) ૨૪-૧૦-૨૫ના ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. મીનાના પતિ. અમીષના પિતા. એલીસાના સસરા. આરવીકના દાદા. ભોજાયના આસુ હીરાના પૌત્રીવર. શેરડીના ખેરાજ હરશી હરીયાના દોહીત્રી વર. ભરૂચના જ્યોત્સનાબેન અરવિંદલાલ ધોળાભાઈના પુત્ર. રાજેશ, સ્વ. જયેશ, નીતીનના મોટા ભાઈ. સૌ. સંધ્યા, સૌ. શેફાલીના જેઠ. સમીપ, પુજા, પ્રાતેશ, આસ્થાના મોટા કાકા. પુજા, કેયુર, ખુશાલી, મનનના કાકાઈ સસરા. દિપ્તી, મનીષ, રૂમીલ, કુનાલ, પરીન, ક્રિનાના માસા. દિનેશ, લીના, કલેરના માસીયાઈ સસરા. ઈલા પરેશના ભાઈ. નિધિ, કુનાલના મામા. મુંબઈનાં જોહન ફીલીપના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** એડ્રેસ : મીના શાહ, જી-૭૦૩, સેટેલાઈટ ગાર્ડન, ફેસ નં. ૧, એ.કે.વૈદ્ય માર્ગ, ગોરેગામ (ઈ.), મું.નં. ૪૦૦૦૬૩. ગુણવંતી-૯૯૨૦૬૮૯૭૭૦, મીના-૯૩૨૨૩૫૫૧૦૬.

4/1/1 --------- (1-4)

**॥ નેત્રદાન માટે મૃત્યુબાદ તુંરત સંપર્ક કરો ॥**
**મુલુંડ ક.વિ.ઓ. ચક્ષુબેન્ક-૯૩૨૦૪૫૫૭૭૭**



**ભુજપુરના માતુશ્રી ભાવનાબેન અરવિંદ ભેદા** (ઉ.વ. ૮૧) તા. ૨૩-૧૦-૨૦૨૫ ના અવસાન પામ્યા છે. અરવિંદ ખીમજીના ધર્મપત્ની. દેવકાબેન (લધીબાઈ) ખીમજી ધનજીના પુત્રવધુ. અલ્પા, હિતેશ, મેહુલના માતુશ્રી. વર્ષા, કાશ્મીરા, વાંકીના હરીશ મોરારજી સાવલાના સાસુ. હેતા, દર્શનાના દાદી. રૂચિતના નાની. સિધ્ધીના નાની સાસુ. કબીરના મોટા નાની. સાકરબેન દામજી, ઝવેરબેન લક્ષ્મીચંદ, ભાનુમતી ચુનીલાલ, દમયંતીબેન કાંતિલાલના દેરાણી. સુશીલાબેન સુરેન્દ્રના જેઠાણી. પ્રતાપરના લીલાવતીબેન કુંવરજી નાનજીના ભાભી. કુંવરજી, મેઘજી, વસનજી ધનજી, મોટી ખાખર રૂક્ષ્મણીબેન હંસરાજના ભત્રીજા વહુ. રતનબાઈ/લક્ષ્મીબાઈ, વેજબાઈના ભાણેજ વહુ. કારાઘોઘાના ભાણબાઈ ડુંગરશી મુરજી શેઠીયાના સુપુત્રી. બાબુભાઈ, વસનજીભાઈ, જેઠાલાલભાઈ, બારોઈ રતનબેન લાલજી, કારાઘોઘા કસ્તુરબેન લાલજી, દેશલપુરના મીનાબેન મોહનભાઈના બેન. લક્ષ્મીબેન, કુસુમબેન, ભાનુબેનના નણંદ. વાંકી કસ્તુરબેન મોરારજી કેશવજી, કપાયા ગંગાબેન ચુનીલાલ હીરજી, બાડા વાસંતીબેન વસંતભાઈ કેશવજીના વેવાણ. **પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. ૨ થી ૩.૩૦.** વેલે પાર્કીંગ છે. નિ. અરવિંદ ખીમજી, ૫૦૭/૫૦૮, ગીરીરાજ, નીલકંઠ વેલી, ઘાટકોપર-ઈ., મુંબઈ-૭૭. હિતેશ-૯૩૨૨૧૩૩૯૯૯, મેહુલ-૯૮૩૩૩૦૯૯૦૦.

4/1/1 --------- (1-5)



**ડુમરાના દેવકાંબાઈ વાલજી ગોસર** (ઉ.વ. ૮૪)તા. ૨૪/૧૦/૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મેઘબાઈ ખેતશી ગોસરના પુત્રવધુ. વાલજીના ધર્મપત્ની. ગુણવંતી, હીરજી, સ્વ. જેષ્ઠા, હેમલતા, નીતા, મનીશા, રશ્મીના માતુશ્રી. સરલા, મકડાના વલભજી હરશી, ઉનડોઠના રમેશ દેવજી, ડુમરાના ભરત માવજી, ગઢશીશાના હીરેન નવિન, દેવપુરના અતુલ મેઘજીના સાસુ. મિહીરના દાદી. સોનીયાના દાદી સાસુ. કીરણ, ભાવના, હીરલ, વિધી, હેતસ્વી, કીન્નરી, કેવિન, મનન ના નાની. રાયધણજરના કેશરબાઈ ગાંગજી દામજીના સુપુત્રી. ભાણજી, જેઠાલાલ, જગદીશ, કોટડી મહા.ના કલ્યાણબાઈ ગાંગજી, ડુમરાના લક્ષ્મી ચાંપશીના બહેન. મણીબેન વૈજયંતી, શાંતાબેનના નણંદ. **પ્રાર્થના : પી.પી.ચેમ્બર, ત્રીજે માળે, શહીદ ભગત સીંગ રોડ, કે.ડી.એમ.સીની બાજુમાં, ડોંબિવલી (પૂર્વ). ટા.૩.૩૦ થી ૫.૦૦. (સ્કીન ડોનેટ કરેલ છે.)** ઘરે આવવાની તસ્દી લેવી નહી. નિ. હીરજીભાઈ ગોસર, ૭, શૈલેન્દ્ર કો.ઓ.હા.સો, ચિતરંજન દાસ રોડ, પૂજા ફરસાણની ઉપર, આનંદ બાલભવનની બાજુમાં, ડોંબિવલી (ઈ). ૪૨૧૨૦૧. મો. હીરજીભાઈ-૯૮૨૦૬૩૮૯૫૦.

4/1/1 --------- (1-6)



**ગોધરાના રતીલાલ વિશનજી છેડા** (ઉ.વ. ૮૪) તા. ૨૩-૧૦-૨૫ના અરિહંત શરણ પામેલ છે. ભાણબાઈ/હીમઈબાઈ વિશનજી લખધીરના પુત્ર. ચંચળબેનના પતિ. ભાવના, મહેશ, હંસાના પિતા. પ્રિતી, બાડા અરવિંદના સસરા. વંદન, વંશિકાના દાદા. મહેક, સિધ્ધી, વંશના નાના. મુરજી, દેવજી, શામજી, આણંદજી, લક્ષ્મીચંદ, મણીલાલ, હીરાલાલ, વિનોદ, ભરત, ગોધરા કસ્તુર રામજી, ડોણ કેશર ચંદ્રકાંત, નાગલપુર વનિતા નિતિનના ભાઈ. લક્ષ્મીબેન, સુંદરબેન, પુરબાઈ, મણીબેનના દેર. મંજુલા, કુસુમ, હીના, કલ્પના, અમ્રિતાના જેઠ. ડોણ ખેતબાઈ વેલજી દેરાજ, ગઢશીશા દેમીબેન કાનજી હરશીના દોહિત્ર. ગોધરા રતનબાઈ શીવજી, મેરાઉ મુરીબાઈ ચાંપશી પદમશીના ભત્રીજા. રાયણ ભાણબાઈ શામજી અરજણના જમાઈ. કોડાય મઠાબેન નાનજી, રાયણના લીલાવંતી કલ્યાણજી, રતનબેન જયંતીલાલ, વિમળાબેન શામજી, મેરાઉ ધનવંતી રતીલાલ, મેઘજી, વિશનજી, લક્ષ્મીચંદ, જયંતીલાલના બનેવી. વડાલા રૂક્ષ્મણીબેન લક્ષ્મીચંદ કાનજી સાવલા, બાડા નિર્મળાબેન જેઠાલાલ ગાંગજી વિસરીયાના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. રતિલાલ છેડા, રૂમ નં. ૬, નવરત્ન સોસાયટી, હનુમાન રોડ, IIT માર્કેટ, પવઈ. મું.૭૬. પ્રિતી-૭૫૦૬૮૭૩૩૯૪, ભાવના-૯૯૨૦૪૧૬૬૫૬, હંસા-૯૦૨૯૮૨૫૫૮૩, ભરત-૯૩૨૧૧૪૧૨૪૨.

4/1/1 --------- (1-7)

**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ**
☎ ૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ ☎
www.kvoss.org

**તા. ૨૬ ઓક્ટોબર – સેવા સમાજ 'શુભેચ્છક દાતા'**

શેઠ શંભુદયાલ ચેરિટેબલ મિલ્ક માર્કેટ ટ્રસ્ટની સ્થાપના નિમિત્તે પ્રેષક : ભવાનજી ધરમશી શાહ (ફરાદી) તરફથી.

- શ્રી પોપટલાલ કુંવરજી ગોગરી (નવાવાસ)નાં જન્મદિન નિમિત્તે શ્રીમતી જયાબેન પોપટલાલ કુંવરજી શાહ (ગોગરી) તરફથી.
- પુત્રી તન્વી ચંદ્રિકા ધીરેન છેડા (વાંકી) અને સાગર પ્રેમીલા કુંવરજી સાવલા (ભચાઉ)નાં U.S.A.માં સાદાઈથી લગ્ન કરેલ બદલ શ્રીમતી ચંદ્રિકા ધીરેન લાલજી છેડા તરફથી.
- સ્વ. માતુશ્રી પાનબાઈ ખીમજી દેવજી ગાલા (ભુજપુર)ની યાદગીરી પ્રસંગે શ્રી મુલચંદ ખીમજી ગાલા (બેરાજા) તરફથી.
- સ્વ. માતુશ્રી શાંતાબેન હંસરાજ ચાંપશી ધરોડ (પત્રી - સાડાઉ)ની પુણ્યતિથિ નિમિત્તે માતુશ્રી પુરબાઈ ચાંપશી ધરોડ પરિવાર તરફથી.
- ધર્માનુરાગી શ્રીમાન ભવાનજી વેરશી શાહ (રાંભિયા)(ગુંદાલા) ની પુણ્યતિથિ નિમિતે હસ્તે ધર્મપત્ની દિવ્યાબેન ભવાનજી શાહ, (લોઅર પરેલ) તરફથી. મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે.

લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(4) --------- (A-13323)(1-8)

|| શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમો નમઃ ||

|| અચલગચ્છ શણગાર શ્રી આર્ય-કલ્યાણ-ગૌત્તમ-
નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગરસૂરિ ગુરુભ્યો નમઃ ||

# શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઇ
# શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તિની પુણ્યપરિવારના બાગબાન
પ.પૂ.સા. શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.ના સુશિષ્યા વર્ધમાન તપોનિધી પ.પૂ.સા. શ્રી પ્રશાંતગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩ની પાવનકારી નિશ્રામાં

## ચાતુર્માસ પૂર્ણાહૂતિના અવસરે પંચાન્હિકા મહોત્સવના અંતર્ગત, શાસન પ્રભાવિકા
## પરમ વિદુષી પ.પૂ.સા. શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ની ૨૫મી પુણ્યતિથિ ના પાવન પ્રસંગે

કાર્તિક સુદ-૧૧,
**શુક્રવાર, તા. ૩૧/૧૦/૨૦૨૫**
સવારના ૯.૧૫ કલાકે
'ચાલો સૌ તીર્થ યાત્રાએ જઈએ' ગેમ શો

કાર્તિક સુદ-૧૨,
**શનિવાર, તા. ૦૧/૧૧/૨૦૨૫**
સવારના ૯.૧૫ કલાકે
'ક્રિકેટ મેચ' ધાર્મિક ગેમ શો

કાર્તિક સુદ-૧૩,
**રવિવાર, તા. ૦૨/૧૧/૨૦૨૫**
સવારના ૮.૪૫ કલાકે
'શ્રી સિધ્ધચક્ર મહાપૂજન' ચાતુર્માસ ફંડનાં દાતા પરિવારો સાથે
વિધિકાર : અલ્પેશભાઈ ઉત્તમભાઈ લોદરીયા
સાયન/ચુનાભટ્ટી

કાર્તિક સુદ-૧૪,
**સોમવાર, તા. ૦૩/૧૧/૨૦૨૫**
સવારના ૯.૧૫ કલાકે
'સિધ્ધમ મોલ' - ગેમ શો

કાર્તિક સુદ-૧૫ (પુનમ)
**મંગળવાર, તા. ૦૪/૧૧/૨૦૨૫**
સવારના શ્રાવકો માટે રાઈ પ્રતિક્રમણ ૬.૩૦ વાગ્યે
સવારનાં ૯.૦૦ ક. શત્રુંજય ભાવયાત્રા સહ
સિધ્ધાચલ પટ્ટ સમક્ષ ૧૦૮ ખમાસમણાં

ચાતુર્માસ પરિવર્તન ઠાણાઓ ઠાણં
કાર્તિક વદ-એકમ
**બુધવાર, તા. ૦૫/૧૧/૨૦૨૫**
ચાતુર્માસ પૂર્ણાહુતિ -
ઠાણાઓ ઠાણં

:: પૂનમના દિવસે પ્રભાવના અને ૧૦૮ ખમાસમણાં બાદની પ્રભાવના બંને પ્રભાવના ના લાભાર્થી પરિવાર ::

## શ્રીમતી હીરાબેન રણશી (બાબુભાઈ) લખમશી શાહ પરિવાર

ગામ : ભુજપુર / ઘાટકોપર

ચાતુર્માસ પરિવર્તનનો લાભ

:: છઠ્ઠ, અટ્ઠમ, વર્ષીતપ, વર્ધમાન તપના આરાધકો અને સકળ શ્રી સંઘની નવકારશી (સ્થળ : પંતનગર ઉપાશ્રયમાં રહેશે) નો લાભ ::

## માતુશ્રી ચંચળબેન રામજી ઘેલાભાઈ પાસડ પરિવાર

હ. શ્રીમતી પ્રેમીલાબેન પ્રફુલ પાસડ, ખુશ્બુ પ્રફુલ, ભક્તિ કેવલ, ચિ. ધીઓમ-દેશના (ગામ : દેઢીઆ - ઘાટકોપર)

લાભાર્થી પરિવારની ભૂરી ભૂરી અનુમોદના....

શ્રી સકળ સંઘના શ્રાવકો-શ્રાવિકાઓએ સમયસર પધારવા વિનંતી...

ઠાણાઓ ઠાણં - ચાતુર્માસ પરિવર્તન એડ્રસ : શ્રી પ્રફુલભાઈ રામજી પાસડ, ૨૦૨, બીલ્ડીંગ નં. ૧૭૫, શુભમ ઔરમ, પંતનગર-ઘાટકોપર-ઈસ્ટ

પૂનમનાં દિવસે શ્રાવકો માટે સાંજે પખ્ખી પ્રતિક્રમણ ૬.૧૫ વાગ્યે રહેશે.

કાર્તિક સુદ-૧૪/૧૫, સોમવાર / મંગળવાર, તા. ૩/૧૧, ૪/૧૧ ના ચાતુર્માસ પુર્ણાહૂતિએ
ચૌમાસી છઠ્ઠ તપ કરવાની રહેશે. છઠ્ઠ તપ કરવા વાળા તપસ્વીઓએ પોતાના નામો
શ્રી શાંતિભાઈ વોરા મહેતાજી પાસે ફોન નં. 022-25011589 લખાવવા વિનંતી.

જય જીરાવલ્લા લિ. માનદ્ મંત્રીઓ જય જીરાવલ્લા



|| શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ ||
|| શ્રી આદેશ્વરાય નમઃ ||
|| શ્રી સુવિધિનાથાય નમઃ ||
|| શ્રી આર્ય-જય-ધર્મ-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય- કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગરસૂરિભ્યો નમઃ ||
શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન, મુંબઈ
Grand Opening of
The Glory of Achalgachchha
મુલુંડ (પૂર્વ) સંઘમાં ઈતિહાસનો સર્જન થયો..
શુભ આશિષ : અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
Marvelous Setup | Excellent Lighting
Beautiful Flower's Decoration
Wonderful Digital World
સંઘો, મંડળો, મહાજનો, Youngsters, વિહાર ગ્રુપો
Educated Persons વિશાળ સંખ્યામાં
અચલગચ્છની ગરિમાને નિહાળવા ખાસ પધારવા વિનંતી.
ત્રણે ત્રણે દિવસ અલગ Theme પર જિનાલય મહાપૂજા
ભવ્ય દીવડાઓની સજાવટ
સચોટ ભવ્ય ઈતિહાસ...સુવિશુદ્ધ સમાચારીનો સટીક જ્ઞાન
આવશો તો પામશો... નહીં તો ગુમાવશો...
પ્રેરણા દાતા
અજોડ શાસનપ્રભાવક, ૨૫મા વર્ષીતપના તપસ્વીરત્ન,
સૂરિમંત્રસાધક પ.પૂ.આ.ભ.
શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી
મ.સા.
લી. : શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન, મુંબઈ
બિપીન અમરચંદ ગાલા - ચેરમેન
અલ્કા કાંતિલાલ રાંભિયા - પ્રમુખ
મેનેજીંગ ટ્રસ્ટીઓ
ચેતન ખેરાજ દેઢિયા
વિપીન ઊમરશી ગંગર
મનોજ નવીન વોરા
કેતન વલ્લભજી ગડા
ટ્રસ્ટ મંડળ, કોર કમિટી,
અધિકારી વર્ગ અને
કારોબારી સભ્યો
25th, 26th, 27th October 2025
Time : 4.00 pm to 10.00 pm
(Valet Parking Available)
Venue : Shri Achalgach Jain Sangh Mulund (E),
Sumtinath Derasar, Nav-Kamal Bhavan, Mulund (E)
Don't miss to watch this historical event !
BINITA S. MARU - 9869034162

# ધી મુંબઈ ગ્રેન ડીલર્સ એન્ડ વર્કર્સ વેલ્ફેર સોસાયટી

ગ્રેન ડીલર્સ બિલ્ડીંગ, પહેલે માળે, ૧૦૩, કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ-૯.
ઓફીસ સમય : સવારે ૧૧ થી સાંજે ૭, મો.નં. ૦૮૧૦૪૭૦૦૭૩૫

## કો-ઓપ્ટ કારોબારી સભ્યો અને પદાધિકારીઓની નિમણૂંક

સોસાયટીની કારોબારી સમિતીની સભામાં તા. ૨૪/૧૦/૨૫ થી તા. ૩૧/૩/૨૯ સુધીની મુદત માટે નીચે મુજબના પાંચ સભ્યોની કો-ઓપ્ટ કારોબારી સભ્યો તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

(૧) અશોક કાનજી છેડા (કારાઘોઘા/ડોંગરી)
(૨) બંસીલાલ મોરારજી છેડા (કાંડાગરા/વડાલા)
(૩) ભાવેશ કેશવજી સાવલા (ગુંદાલા/મુલુંડ)
(૪) રાજ કાંતીલાલ ગોસર (માપર/ચીંચબંદર)
(૫) નિલેશ રાઘવજી શેઠીયા (લાખાપર/ડોંબિવલી)

તા. ૨૪/૧૦/૨૫ થી તા. ૩૧/૩/૨૯ સુધીની મુદત માટે સોસાયટીના અધિકારી બોર્ડમાં નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવેલ છે.

- શ્રી બંસીલાલ મોરારજી છેડા (કાંડાગરા/વડાલા)......પ્રમુખ
- શ્રી રશ્મિકાંત હીરજી ભેદા (સમાઘોઘા/માટુંગા)........ઉપપ્રમુખ
- શ્રી ભાવેશ કેશવજી સાવલા (ગુંદાલા/મુલુંડ)..........માનદ્ મંત્રી
- શ્રી જયેશ પ્રેમજી ગડા (ગુંદાલા/મુંબઈ સેન્ટ્રલ) .......માનદ્ મંત્રી
- શ્રી ધનરાજ પોપટલાલ સંગોઈ (કોડાય/ઘાટકોપર) ..માનદ્ મંત્રી
- શ્રી દિનેશ જીવરાજ ગોગરી (બિદડા/મુલુંડ) ..........ખજાનચી

સર્વે સભ્યોએ આ બાબતની નોંધ લેવા વિનંતી.

(CLB-13324) લિ. માનદ્ મંત્રીઓ

KHABAR PATRIKA : 8104209392

**VULCAN INDIA CCTV**

Cameras, Biometric, Walky Talky, Fire Alarm, Installation & Amc at Wholesale Rates. Ritesh Dharod (Luni) - 9820608929 / 9619616103.

2/1/1(21) -------- (B-13347)(4-1)

**! શુધ્ધતાનો વિશ્વાસ એક પરંપરા !**
**K.K. Oil Trading કંપનીનું**

'શ્રી MK કાચી ઘાણી' નું (COLD PRESSED) શુધ્ધ તેલ.

- સીંગ, સફેદ તલ, કાળા તલ, કોપરેલ અને રાઈ. ફક્ત આ કુદરતી તેલીબીયામાંથી બનતું COLD PRESSED Oil.
- તદ્દન પ્યોર દેશી ગાયના વલોણાનું 'ઘી' ૧ લીટર કાચની બરણીમાં મળશે.
- ઓછું ખાવ પરંતુ ગુણવત્તાયુક્ત ખાવ. સસ્તી કિંમતનાં તેલની જાહેરાતોથી છેતરાશો નહીં.
- સંપર્ક : (૧) મણીલાલ લાપસીયા : 9819814714 (૨) નીના કારાણી : 9322248444. FREE HOME DELIVERY. (Mumbai)

2/1/1(7) -------- (B-13319)(4-2)

**કચ્છ ભુજમાં મોકાનું મકાન વેચાણમાં**

ભુજમાં મુન્દ્રા રોડ ઉપર મોકાનો મકાન વેચવો છે, ૧૦૦ વાર ના(અંદાજે ૯૦૦ સ્કે.ફીટ)પ્લોટ માં બેડરૂમ, હોલ, રસોડા વાળું, સેમી ફર્નીસેડ રો હાઉસ, બાજુ માં શ્રી મુનીસુવ્રત સ્વામી દાદાનું દેરાસર, બે ઉપાશ્રય અને તમામ સંપ્રદાયના સાધુ સાધ્વીજી નાં ગોચરીનો લાભ મળે, કવીઓ સમાજના ત્યા કેડીઓ સમાજના મળી ને ૬૦ પરીવારોની વસ્તી કે.કે.પટેલ મલ્ટી સ્પેશિયલ હોસ્પિટલ ની બાજુ માં એડ્રેસ : કોવઈ નગર મુન્દ્રા રોડ ભુજ ( કચ્છ) સંપર્ક : કાંતિ સોની-મોબાઈલ નંબર : ૮૪૮૫૯૨૪૩૬૨.

4/1/1(5) -------- (B-13322)(4-3)

**ચાલો નાતાલ વેકેશનમાં સ્ટેચ્યુ યુનીટી સાથે મણીલક્ષ્મી તીર્થ, પાવાગઢ દિ. ૬, ઉ. ૨૪-૧૨**

૩૬ વર્ષનાં અનુભવી રમણ શેઠીયા સંચાલિત મણી લક્ષ્મી તીર્થ, ખંભાત, વાલવોડ, સિધ્ધભુમિ, ઓમકાર તીર્થ, પાવાગઢ તીર્થ, કુબેર ભંડાર, પોઇચા, સાથે સ્ટેચ્યુ યુનીટી જેમાં વિવિંગ ગેલેરી, વ્યુ પોઇન્ટ, મ્યુઝીયમ, લેઝર શો, ક્રુઝ, જંગલ સફારી, મેઝ ગાર્ડન, વેલી ફ્લાવર વિ. દિ. ૬, ઉ. ૨૪-૧૨. ગ્રુપ હોવાથી જુજ સીટો બાકી. મણીલક્ષ્મી, સ્ટેચ્યુ, પોઇચા, દિ. ૩ આખા, ઉ. ૨૨-૧૧, ૨૨-૧૨, સ્પે. 31st સ્ટેચ્યુમાં મનાવો. ૨૯-૧૨માં જુજ સીટો બાકી. એ.સી. રૂમો, એ.સી. બસ, ઘર જેવું ટેસ્ટી ભોજન, સ્ટેચ્યુમાં ૪ સ્ટાર હોટલ. સં. રમણ શેઠીયા-9372971397, જય શેઠીયા-9326205589.

4/1/1(19) -------- (B-13336)(4-4)

**ભુજપુરમાં મોકાનો ફ્લેટ**

કચ્છ કંઠીનું અગ્રેસર ગામ ભુજપુર સીટીમાં શેઠીયા શેરીમાં, નાની પક્ષ સ્થાનકની પાછળ, નવી પદ્ધતિ મુજબ, ઉચ્ચગુણવત્તાનું મજબુત બાંધકામ, રેડીપજેશન, 1 B.H.K. ૮૫૦ ફુટ, મોટા આધુનિક રૂમો, ફર્નિશ ફ્લેટ, સ્વતંત્ર બંગલા ટાઈપ, પૂર્વ દિશામાં પ્રવેશ, ફુલ હવા-ઉજાસ, જોઈને એક જ નજરમાં ગમી જાય એવો અત્યાધુનિક ફ્લેટ, જમીન હક્ક સાથે વેચાણથી આપવાનો છે. દલાલભાઈ આવકાર્ય. સં.ખુશાલ સંગોઈ : ૯૮૯૨૪૯૫૭૫૨.

4/1/1(22) -------- (B-13346)(4-5)

મુલુંડમાં જનરલ દવાનાં ડીસ્ટ્રીબ્યુટરને દુકાનમાં કામ માટે તથા ડીલીવરી માટે માણસો જોઈએ છે. વય મર્યાદા ૪૫ વર્ષ. બાયોડેટા સાથે ફોન કરીને રૂબરૂ મળો : હરીશ મોતા-૯૩૨૪૯૫૩૯૮૮, ૯૩૨૨૯૩૫૬૭૬.

4/1/1(25) -------- (B-13350)(4-6)

**મફત ઓપરેશન (ચશ્માનાં નંબરથી મુક્તિ)**

આપણા સમાજ માટે અને ઈતર સમાજ માટે મફત માં ચશ્મા ના નંબર કાઢવાનું ઓપરેશન. પ્રથમ ૧૦૦ પેશન્ટ માટે. ડોક્ટર જીગ્નેશ ગાલા દ્વારા સંચાલિત સંપર્ક કરો : ૭૭૧૮૮૮૫૨૪૫. પત્રિકાની જાહેરાત લાવવા વિનંતી. દાતા : શ્રીમતી જવેરબેન મણસીભાઈ અવચર ગાલા (ગામ : ઘાણીથર) એડ્રેસ : બી-૧૨૫, ગ્રાઉન્ડ ફ્લોર, લારામ સેન્ટર, એસ.વી. રોડ, અંધેરી વેસ્ટ સ્ટેશન પાસે.

4/1/1(1) -------- (B-13275)(4-7)

**શ્રી માઁ ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ – નરા (કચ્છ)**

સ્ટાફ જોઈએ છે. કોમ્પ્યુટર પર કામ કરી શકે સંસ્થાનું એકાઉન્ટ મુલુંડ ઑફિસમાં સ્ટાફ જોઈએ છે. કોન્ટેક્ટ : ભરતભાઈ-9892507373.

4/1/1(8) -------- (N-13316)(4-8)

**દેશ વિદેશ કુરિયર 24x7**

એક્સપોર્ટરો/ઈમ્પોર્ટરો માટે ઉત્તમ સર્વિસ અને વ્યાજબી ભાવે એરપોર્ટ ટુ એરપોર્ટ, ડોર ટુ ડોર Cargo તેમજ Exhibition માટે Bulk Load/ Sample / Freight Economic Express Service થી મોકલવા લાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો - Free Pick Up Service PAC n DELIVER. M–8879991866 anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(3) -------- (B-13223)(4-9)

**Jaggery પુરી, ચટપટ પુરી**

કુદિના પુરી, ચાર દાળ મીક્ષ ચકલી, 'રૂમાલી ગાઠિયા' કેળાના પતલા ટેસ્ટી સીલ્કી વેફર મેથી પુરી – મસાલાપુરી-જીરા પુરી દરેક વસ્તુ મહારાજ રાખીને ઘરે બનાવવામાં આવે છે. Free Home Delivery અનિલભાઈ પુરીવાળા : 9820386895 / 7208627871.

4/1/1(2) -------- (B-13261)(4-10)

**જે એમ જી ક્લીનીક હવે અંધેરી સ્ટેશન પાસે**

મફત દાંતનું ચેક અપ, દાંતની સંપુર્ણ સારવાર મળશે. સવારે ૯ વાગ્યેથી સાંજે ૯ વાગ્યા સુધી (9 am to 9 pm) ફુલ માઉથ ડેન્ટલ ટ્રીટમેન્ટ મળશે રાહત દરે. (પુર્ણ પેકેજ માટે સંપર્ક કરો જે એમ જી ક્લીનીકને) 0% EMI ફેસીલીટી મળશે. (પુર્ણ ચાર્જ ભરવાની જરૂર નથી.) રાહત દરે બધી જ દાંતની ટ્રીટમેન્ટ મળશે. આપણાં સમાજ માટે અને ઈતર સમાજ માટે. દાંતનું ચેક અપ મફત. દાંત કાઢવાનાં-300/- (ઓપરેશન વગર), રૂટ કેનાલ-1000/- એક્રેલીક દાંતની કેપ-400/-, સીરામીક કેપ 2000/- ઝેરકોનીયા કેપ-5200/-, દાંતની બત્રીસી-9000/- ડેન્ટલ ઈમ્પ્લાન્ટ-22000/- દાંતનાં ડોક્ટર : ડો. સોનાલી. સંચાલક : માણસીભાઈ ગાલા, જે.એમ.જી.ક્લીનીક અંધેરી (વેસ્ટ) લોકેશન : એ૧-૨૦૨, ક્રીસ્ટલ ક્લેર આઈ એન્ડ ડેન્ટલ ક્લીનીક, લારામ સેન્ટર, સુનીલ જ્વેલર્સની ઉપર, નાડકો શોપીંગની બાજુમાં, એસ.વી.રોડ, અંધેરી (વેસ્ટ) રેલ્વે સ્ટેશનની સામે, .ફોન : 8433742300, 7718885245.

4/1/1(1) -------- (B-13282)(4-11)

**દાદર - પારસી જીમખાના**

લગ્ન માટે ઓપન ગ્રાઉન્ડ તા. ૨૨-૦૨-૨૦૨૬, રવિવારનાં રોજ ખાલી છે અથવા આપનાં સમય મુજબ બુકીંગ મળશે. સંપર્ક : ૯૮૨૦૮૬૨૭૪૫. સતીષ દામજી મારૂ.

4/1/1(2) -------- (B-13320)(4-12)

**શ્રી ના.આસંબીયા છેડા ભાવિક મંડળ ૨૦૨૬ની ધ્વજારોહણ બાબત અગત્યની જાહેરાત**

શ્રી નાના આસંબીયા ગામે બિરાજમાન છેડા નુખના પરમ પૂજ્ય કુળદેવી શ્રી અંબે માં તથા પૂજ્યશ્રી ખેતરપાળ દાદાના નૂતન મંદિર "ભક્તિ ધામ"ની સાતમી વર્ષગાંઠ (સંવત ૨૦૮૨. મહા સુદ છઠ્ઠ) નિમિતે શુક્રવાર તા. ૨૩-૦૧-૨૦૨૬ના ચીરજહાર તથા છેડાછેડી, શનિવાર તા.૨૪-૦૧-૨૦૨૬ના ધ્વજારોહણ તથા રવિવાર તા. ૨૫-૦૧-૨૦૨૬ ના પહેડી- એમ ત્રિદિવસીય કાર્યક્રમ સ્થાનિકે રાખેલ છે.

- ધ્વજારોહણ તથા સાધર્મિક ભક્તિનો ત્રિદિવસીય કાર્યક્રમનો લાભ માતૃશ્રી ખેતબાઈ જેસંગ શિવજી છેડા પરિવારે લીધેલ છે. તો આવા રૂડા પ્રસંગે સ્થાનિકે નમતા છેડા નુખના સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.
- ટ્રેનોનું રિઝર્વેશન ૨ મહિના પહેલા થતું હોવાથી જે ભાવિકોને ઉપરોક્ત પ્રસંગે હાજરી આપવાની ઈચ્છા હોય તેમણે ટિકિટોનું આયોજન તે પ્રમાણે કરી લેવું.
- ધ્વજારોહણ પ્રસંગે પધારનાર છેડા ભાવિકો તથા નિયાણી બહેનોના ટિકિટના આવવા જવાના ખર્ચના પૈસા સ્થાનિકે પહેડીના દિવસે બપોરના વ્યક્તિ દીઠ ૧૫૦૦/-(પંદરસો રૂપિયા) પ્રમાણે ધ્વજારોહણના દાતા પરિવાર તરફથી રિફંડ આપવામાં આવશે. ધ્વજારોહણ તથા ટિકિટના લાભાર્થી દાતાશ્રી પરિવારની મંડળ તરફથી ભૂરી ભૂરી અનુમોદના...
- ધ્વજારોહણ પ્રસંગે તા. ૨૩ અને ૨૪ જાન્યુઆરીના જે પણ ભાવિકો પધારવાના હોય એમણે તથા સ્થાનિકે રૂમ માટે શ્રી કેલેશભાઈને મો.નં. ૯૯૨૦૭ ૬૫૩૬૯ ઉપર આગળથી જાણ કરવા વિનંતી. ધ્વજારોહણ તથા ટ્રેન/ટિકિટ બાબત વધુ જાણકારી માટે શ્રી પિયુષભાઈને મો.નં. ૯૮૬૭૬ ૯૭૧૮૦ ઉપર સંપર્ક કરવો.
- તો સર્વે ભાવિકોને વિનંતી કે આપ સહુ સ્થાનિકે બહોળી સંખ્યામાં પધારી ધ્વજારોહણ પ્રસંગની શોભામાં અભિવૃદ્ધિ કરશોજી.
- એજ લી. શ્રી નાના આસંબીયા છેડા ભાવિક મંડળ.

2/1/1(33) -------- (A-13372)(4-13)

**ભુજપુરમાં જમીન, જગ્યાઓ લે – વેંચ માટે મળો, કચ્છ વડાલામાં મોકાની જગ્યા વેચવી છે**

ભુજપુરમાં ફ્લેટ, દુકાન, ઘર, પ્લોટ, ખેતર-વાડી, જમીન લે-વેચ માટે મળો, જેમનો ખેડુત હક હશે એમને અબડાસામાં સસ્તા ભાવે જમીન મળશે.

- કચ્છ વડાલા ગામમાં નાની પક્ષ સ્થાનકની બાજુમાં, મોકાની જગ્યા વેચવાની છે. સં. નિલમ એસ્ટ એજેન્સી, ભુજપુર-કચ્છ, કેશવજી શંભુભાઈ દેઢિયા : 9323466072, મોમાયા શંભુભાઈ ચોધરીયા : 9860237977.

2/1/1(32) -------- (B-13365)(4-14)

**બિદડા ગામમાં જગ્યા વેચાણ**

ગામ : બિદડામાં દખણો ફરિયામાં મેડીબંધ જગ્યા વેચાણથી આપવી છે. જગ્યા તા. ૨૭/૧૦/૨૫ થી તા. ૧/૧૧/૨૫ સુધી જોવા મળશે. ફોન નં. કેતન (શાહ) 9022374647

4/1/1(31) -------- (B-13366)(4-15)

# જીવદયા અનુદાન

**શ્રી ગઢશીશા પાંજરાપોળ**

સ્થાનિકે આવેલ ઘાસચારાનું દાન તથા દાતાશ્રીઓની અનુમોદના. આપશ્રીનું દાન અબોલ જીવોને અભયદાન ૧) કેસરબાઈ મનજીભાઈ વરસાણી સહપરિવાર બળદિયા જુવાર ૧૨૮ મણ ૨) શુભ ટેલિકોમ મેરાઉ જુવાર ૧૨૫ મણ ૩) અ ની રતનબેન કલ્યાણજીભાઈ રાબડીયા રામપર વેકરા બાજરી ૧૨૩ મણ ૪) અ ની વાલબાઈ પ્રેમજી છભાડીયા આસંબીયા ઘાસ ૧૨૩ ૫) અ ની વાલબાઈ પ્રેમજીભાઈ છભાડીયા મોટા આસબીયા ઘાસ ૭૦ મણ ૬) રામાણી રમેશભાઈ નાનજી નાની વિરાણી જુવાર ૧૧૮ મણ ૭) શિવજીભાઈ પરબતભાઈ ભેંડેરી ભારાપર જુવાર ૧૧૪ મણ ૮) લખમણભાઈ જાદવાભાઈ હાલાઈ નારાણપર જુવાર ૯૦ મણ ૯) કિરણભાઈ મેઘજીભાઈ કેરાઈ માંડવી જુવાર ૮૦ મણ ૧૦) વંકાભાઈ લાખાભાઈ રબારી મેઘપર ઘાસ ૭૪ મણ ૧૧) મેઘજીભાઈ વિશરામભાઈ રામજીભાઈ હાલાઈ નાગલપુર ચારીયો ૭૧ મણ ૧૨) અની પ્રેમજીભાઈ નારાયણભાઈ છભાડિયા મોટા આસબીયા ઘાસ ૬૫ મણ ૧૩) માવજીભાઈ ભેંડેરી મેરાઉ જુવાર ૫૦ મણ ૧૪) મેઘબાઈ શામજી વેકરીયા રામપર વેકરા રંજકો ૩૩ મણ ૧૫) ઈશ્વર કૃપા ઓઈલ મીલ રાયણ મોટી કપાસ ખણ ૧૨ ગુણી ઉપરોક્ત દાતાશ્રીઓએ ઘાસચારાનું દાન આપી અબોલ પશુઓને શાતા આપવા બદલ દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના સહ આભાર. લિ. ટ્રસ્ટીઓ. શ્રી ગઢસીસા પાંજરાપોળ. સ્થાનિક-૯૪૨૮૬૮૨૫૩૯, મુંબઈ-૭૬૬૬૧૨૨૨૧૮.

4/1/1(12) -------- (A-13330)(5-1)

**શ્રી જીવદયા દાતાશ્રીઓનો આભાર**

શ્રી વર્ધ. સ્થા. જૈન સંઘ ચીંચબંદર, મું. ૯. શ્રી રામજી મુલજી દેવશી જૈન ધર્મ સ્થાનક ચીંચબંદર. પી.પી. ૯૯૨૦૦૨૧૧૯૧. જીવદયા પ્રવૃત્તિમાં રોજ કબુતરોને ચણ નાખવામાં આવે છે. જે માટે જુ.બા. ૪ શાંતીલાલ દામજી ગાલા જુ.બા. ૨ મનોજકુમાર કાંતીલાલ જુ.બા. ૨ ભાવેશ અરવિંદ ભેદા સુરત જુ.બા. ૨ ઝવેરબેન ગાંગજી ગડા ગુંદાલા જુ.બા. ૨ બ્રાહ્મી ટ્રેડર્સ કુર્લા જુ.બા. ૨ મીલન સ્ટોર પરેલ જુ.બા. ૨ વિધિ પરેશ સતરા મુલુંડ જુ.બા. ૨ પુર્ણીમા પરેશ સતરા જુ.બા. ૨ કેશવજી હીરજી ગોગરી જુ.બા. ૨ ગ્રીષ્મા રાજેશ છેડા ઘાટકોપર જુ.બા. ૨ માતુશ્રી કસ્તુરબેન કલ્યાણજી સમાઘોઘા જુ.બા. ૨ સુંદરબેન દેવજી સંગોઈ કપાયા. શ્રી સંઘ સર્વે દાતાશ્રીઓનો આભાર માને છે. એ જ લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(14) -------- (A-13328)(5-2)

**શ્રી જીવદયા દાતાશ્રીઓનો આભાર**

શ્રી વર્ધ. સ્થા. જૈન સંઘ ચીંચબંદર, મું. ૯. શ્રી રામજી મુલજી દેવશી જૈન ધર્મ સ્થાનક. પી.પી. ૯૯૨૦૦૨૧૧૯૧. જીવદયા પ્રવૃત્તિમાં રોજ કબુતરોને ચણ નાખવામાં આવે છે. જે માટે જુ.બા. ૨ રૂક્ષ્મણી કેશવજી સંગોઈ સમાઘોઘા જુ.બા. ૧ કેસરબેન મગનલાલ ગુંદાલા જુ.બા. ૧ નીલેશ રવજી સંગોઈ બેરાજા જુ.બા. ૧ મગનલાલ મોણશી સતરા જુ.બા. ૧ મમતા પ્રફુલ્લ સતરા ગુંદાલા જુ.બા.૧ હીરેન હીતેન સંગોઈ બેરાજા જુ.બા. ૧ કસ્તુરબેન રવજી ખેરાજ સંગોઈ જુ.બા. ૧ લીલાવંતી રમણીકલાલ છેડા જુ.બા. ૧ રવજી ખેરાજ સંગોઈ જુ.બા. ૧ ભાવેશ મોતા વાશી ન્યુ બોમ્બે જુ.બા. ૧ હર્ષીદાબેન શારદ પેડણેકર દહીંસર જુ.બા. ૧ માતુશ્રી લક્ષ્મીબેન ચાંપશી સમાઘોઘા. એ જ લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(13) -------- (A-13329)(5-3)

**શ્રી જીવદયા દાતાશ્રીઓનો આભાર**

શ્રી વર્ધ. સ્થા. જૈન સંઘ ચીંચબંદર, મું. ૯. શ્રી રામજી મુલજી દેવશી જૈન ધર્મ સ્થાનક. પી.પી. ૯૯૨૦૦૨૧૧૯૧. જીવદયા પ્રવૃત્તિમાં રોજ કબુતરોને ચણ નાખવામાં આવે છે. જે માટે જુ.બા. ૧ ડો. રાજેશ વોરા પરેલ ડો. રાજેશ ખીમજી વોરા નવીનાર નવરાત્રીના, નવા વર્ષે પાવન પવિત્ર પ્રસંગે તરફથી કબુતરોને સપ્રેમ ભેટ. (જુ.બા. ૪૨ જમુબેન ગણેશ મુથા ચીંચબંદર જુ.બા. ૧ પ્રીતી રાજન ગાલા જુ.બા. ૨ ભોગીલાલ ભવાનજી વોરા જુ.બા. ૧ મુલચંદ ભવાનજી વોરા જુ.બા. ૧ જીવીબેન પ્રવિણ ગાલા જુ.બા. ૧ ભોગીલાલ ભવાનજી વોરા જુ.બા. ૨ મણીબેન ટોકરશી હરીયા જુ.બા. ૨ હર્ષાબેન વલ્લભજી સંગોઈ જુ.બા. ૨ હર્ષાબેન મહેન્દ્ર સંગોઈ જુ.બા. ૧ જીનય દિનેશ ગાલા. શ્રી સંઘ સર્વે દાતાશ્રીઓનો આભાર માને છે. એ જ લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(17) -------- (A-13325)(5-4)

**શ્રી જીવદયા દાતાશ્રીઓનો આભાર**

શ્રી વર્ધ. સ્થા. જૈન સંઘ ચીંચબંદર, મું. ૯. શ્રી રામજી મુલજી દેવશી જૈન ધર્મ સ્થાનક ચીંચબંદર. પી.પી. ૯૯૨૦૦૨૧૧૯૧. જીવદયા પ્રવૃત્તિમાં રોજ કબુતરોને ચણ નાખવામાં આવે છે. જે માટે જુ.બા. ૧ આશીષી મયુર શાહ જુ.બા. ૨ ન્યુ વાગડવાલા પેપર બેગ કાં. ભાતબજાર જુ.બા. ૪ તારાબેન વિજયભાઈ જુ.બા. ૨ ડો. રાજેશ વોરા પરેલ જુ.બા. ૨ એક સદ્‌ગૃહસ્થ (દાળીયા બા. ૨ સુરશ સોની ચીંચબંદર) (જુ.બા. ૫૦ શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ ચીંચબંદર) જુ.બા. ૧ શામજીભાઈ ટોકરશી વોરા જુ.બા. ૧ માતુશ્રી શામજીભાઈ વોરાના જન્મ દિવસનાં અવસર નિમિત્તે જુ.બા. ૧ દામજી ધરમશી ધરોડ. શ્રી સંઘ સર્વે દાતાશ્રીઓનો આભાર માને છે. એ જ લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(16) -------- (A-13326)(5-5)

**શ્રી જીવદયા દાતાશ્રીઓનો આભાર**

શ્રી વર્ધ. સ્થા. જૈન સંઘ ચીંચબંદર, મું. ૯. શ્રી રામજી મુલજી દેવશી જૈન ધર્મ સ્થાનક. પી.પી. ૯૯૨૦૦૨૧૧૯૧. જીવદયા પ્રવૃત્તિમાં રોજ કબુતરોને ચણ નાખવામાં આવે છે. દાળીયા ૧૧ કિ.ગ્રા. ભાણબાઈ વેલજી ગાલા (દાળીયા બા. ૨ સુરેશ સોની જુ.બા. ૨ પરેશ જૈન (જુ.બા. ૫૦ શ્રી વર્ધ.સ્થા.જૈન સંઘ ચીંચબંદર જુ.બા. ૫ ચેતનાબેન પરાગ શાહ જુ.બા. ૩ (૧૦૦ કિ.ગ્રા) એક સદ્‌ગૃહસ્થ (દાળીયા બા.૨ સુરેશ સોની) (દાળીયા બા. ૧ પ્રેમજી રવજી ગડા મું. સેન્ટ્રલ (દાળીયા બા. ૧ કિશોર કાનજી સંગોઈ મુલુંડ જુ.બા. ૫ લબ્ધી વિવેક સંગોઈ ઘાટકોપર જુ.બા. ૪ રાજ જ. સ્ટોર મું. સેન્ટ્રલ જુ.બા. ૪ પરેશ મગનલાલ સતરા. શ્રી સંઘ સર્વે દાતાશ્રીઓનો આભાર માને છે. એ જ લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(15) -------- (A-13327)(5-6)

**શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત**
**શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા**

**મિષ્ટાન જમણ**

- **રૂા. ૧૫૦૦૦/- દિવાળી, તા. ૨૦-૧૦-૨૫ ગામ : બિદડા હાલે મુલુંડનાં માતુશ્રી ભાનુબેન દામજી શામજી દેઢીયા તરફથી અબોલ જીવોને યાદ કરી અવાર-નવાર જીવદયા અનુદાન કરવા બદલ સંસ્થા પરીવારનો ખુબ ખુબ અનુમોદના કરે છે. ગૌ માતાના આશીર્વાદ સદૈવ વરસતા રહે એ જ પ્રભુને પ્રાર્થના સહ આભાર.**
- **CSR & 80 G Tax Benefit Available.**
- **સંપર્ક : દિનેશ દેઢીયા-૯૮૩૩૬૬૦૨૫૫, દિનેશ રાજા-૯૮૧૯૧૪૬૭૯૯.**

4/1/1(4) -------- (A-13333)(5-7)

**શ્રી ગઢશીશા પાંજરાપોળ**

સ્થાનિકે આવેલ રોકડનું દાન તથા દાતાશ્રીઓની અનુમોદના. આપશ્રીનું દાન અબોલ જીવોને અભયદાન ૧) મેઘજીભાઈ રવજી વેકરીયા મેરાઉ રૂા. ૬૦૦૦/- ૨) પ્રેમીલાબેન ગોવિંદજીભાઈ માવજીભાઈ વાસાણી નાની વિરાણી બોરીવલી રૂા. ૫૧૦૦/- ૩) શિવ શક્તિ ફરસાણ માર્ટ કોડાય રૂા. ૩૦૦૦/- ૪) અરવિંદ રામજી પોકાર જીયાપર રૂા. ૩૦૦૦/- ૫) નવીનભાઈ અરજણ નાકરાણી રત્નાપર રૂા. ૨૦૦૦/- ૬) નવીનભાઈ અરજણ નાકરાણી રત્નાપર રૂા. ૨૦૦૦/- ૭) નવીનભાઈ અરજણ નાકરાણી રત્નાપર રૂા. ૨૦૦૦/- ૮) કરસનભાઈ અરજણભાઈ ગઢવી રાયણ રૂા. ૨૦૦૦/- ૯) કાંતિલાલ કરસનભાઈ રૂડાણી ગઢસીસા રૂા. ૨૧૦૦/- ૧૦) દિલીપભાઈ હરિલાલ રૂડાણી ગઢસીસા રૂા. ૧૧૦૦/- ઉપરોક્ત દાતાશ્રીઓએ રોકડનું દાન આપી અબોલ પશુઓને શાતા આપવા બદલ દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના સહ આભાર. લિ. ટ્રસ્ટીઓ. શ્રી ગઢસીસા પાંજરાપોળ. સ્થાનિક-૯૪૨૮૬૮૨૫૩૯, મુંબઈ-૭૬૬૬૧૨૨૨૧૮.

4/1/1(11) -------- (A-13331)(5-8)

# આભાર

**વિશેષ આભાર : દાતા પરીવાર**

મોટા આસંબીયાનાં નંદિતા વિનોદ શાહનાં અવસાન નિમિત્તે ખારી માની સેવા, અંતિમ વિધિનો સંપુર્ણ સામાન અને એમ્બ્યુલન્સ સેવા બદલ જસ્ટ ઈન ટાઈમનો આભાર. લિ. ડો. વિનોદ શાહ.

4/1/1(27) -------- (B-13360)(5-9)

**સ્ટેચ્યુ યુનીટી, મણીલક્ષ્મી તીર્થ પ્રવાસનું સુંદર આયોજન જય શેઠીયાને ધન્યવાદ**

અમો તા. ૧૫-૧૦-૨૫નાં મણીલક્ષ્મી તીર્થ, સ્ટેચ્યુ યુનીટી, પોઈચા વિ. પ્રવાસે ગયેલા, પ્રવાસ દરમ્યાન દરેક સ્થળે જમવાની, રહેવાની, ફરવાની સુંદર વ્યવસ્થા કરી અમારા પ્રવાસને યાદગાર બનાવ્યો તે બદલ જય શેઠીયાને ધન્યવાદ સહ આભાર. લિ. વિધિ ધવલ નગીનભાઈ મામણીયા (કપાયા).

4/1/1(29) -------- (B-13358)(5-10)

**દેવલાલી અષ્ટાપદ સોસાયટીમાં ટેરેસ ફ્લેટ વેચવાનો છે**

કલાપુર્ણ જિનાલય અને બાલાજી સોસાયટીની બાજુમાં અષ્ટાપદ ફેસ ૩ લીફ્ટ સાથે ૩જે માળે, ગાર્ડન વ્યુ, પાર્કીંગ સાથે. બે બેડરૂમ હોલ કીચન 820 Sq. ft. કાર્પેટ ફ્લેટ સાથે + 820 Sq. ft. ઓપન ટેરેસ સંપર્ક : દિનેશ શાહ-9821269500, 9820112244.

4/1/1(28) -------- (B-13359)(5-11)

**(JYF) જૈન યુથ ફોરમ**
**સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ**

આજે લેધર શુઝ કે બેલ્ટ વાપરવા નહીં. (પંચેન્દ્રીય જીવની ઘાતથી બચવા માટે)

- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- JYF હેલ્પલાઈન નંબર 8591438983.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(23) -------- (A-13345)(5-12)

# સંસ્થાકીય મિટીંગ

**શ્રી કારાઘોઘા મુંબઈ મહાજન ટ્રસ્ટ વાર્ષિક જનરલ સભા તારીખ ફેરફાર બાબત**

શ્રી કારાઘોઘા મુંબઈ મહાજન ટ્રસ્ટની વાર્ષિક જનરલ સભા જે પૂર્વે ૧૬/૧૧/૨૫ ના યોજવામાં આવેલ તે તારીખમાં ફેરફાર કરવામાં આવેલ છે. અને નવી તારીખ પ્રમાણે હવે વાર્ષિક જનરલ સભા તા.૨૩/૧૧/૨૫ ને રવિવારે સાંજના ૩ થી ૬ વાગ્યા સુધી ગુજરાતી સેવા મંડળ, ૧ લે માળે, માટુંગા (ઈ ),મુંબઈ -૧૯ મધ્યે રાખવામાં આવેલ છે. વિષય :

- ૧) ગત મીટીંગ ના અહેવાલનું વાંચન અને બહાલી.
- ૨) વર્ષ ૨૦૨૪-૨૫ ના ઓડિટ થયેલ હિસાબની રજૂઆત કરી બહાલી આપવી.
- ૩) વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઓડિટર ની નિમણૂક કરવા બાબત.
- ૪) બંધારણના સુધારા-વધારા બાબત.
- ૫) નવી કાર્ય વાહક સમિતિ તેમજ જૂના ટ્રસ્ટી ની મુદત ૩૧-૦૩-૨૮ સુધી કરવા બાબત.
- ૬) પ્રમુખશ્રીની મંજૂરીથી રજુ થાય તે. (અલ્પાહાર ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે)
- નોંધ : જે સભ્યોને વાર્ષિક હિસાબ જોવા હોય તે તારીખ ૧૯/૧૧/૨૫ અને ૨૦/૧૧/૨૫ ના સાંજના ૪ થી ૬ વાગ્યા સુધી શ્રી હિતેન શેઠીયા ની ઓફિસે જઈને જોઈ શકશે.
- સરનામું : મે. ત્વરા સ્ટોક બ્રોકિંગ, ૬૦૩, જી નાયક, એમ. જી. રોડ, ક્લાસિક વિઝનની ઉપર, વિલેપારલા (ઈસ્ટ), મુંબઈ-૫૭. ઓફિસઃ મો.નં - ૯૯૬૯૨૧૮૧૯૪, ૭૭૧૫૯૬૯૯૬૩.
- નોંધ : જો કોરમના અભાવે સભા મુલતવી રહી તો અડધા કલાકે ફરી એ જ સ્થાને મીટીંગ થશે અને એમાં થયેલ કાર્યવાહી કાયદેસરની ગણાશે.
- લી. કારાઘોઘા મુંબઈ મહાજન વતી મંત્રીઓ શ્રી અનિલ હેમરાજ શેઠિયા અને શ્રી ભાવિન ઉત્તમચંદ નાગડા. (સૌજન્ય : શ્રી કાંતિલાલ (ગીજુભાઈ) પ્રેમજી મારૂ-મે. ક્લાસિક સ્ટીલ્સ-ભૂલેશ્વર-મુંબઈ ૨)

4/1/1(24) -------- (A-13343)(5-13)

**શ્રી મામલ માતાજી ભાવિક સંઘ પટેલ ચોક ભુજપુર મામલ ભક્તિ ઉત્સવ ૨૫ સંદેશ-૮**

શ્રી મામલ માતાજી ભાવિક સંઘ પટેલ ચોક ભુજપુર સ્થાને નમતા દેઢિયા ભાવિકો તથા નિયાણી બહેનો જોગ ખાસ નોંધ લેશો સાતમ, આઠમ અને નોમ ના ત્રણે દિવસ મામલ પ્રસાદ ની વ્યવસ્થા રાજેશ કેટરીંગ મુંબઈ ના સ્વાદે નિલમ વાડી, વિવિધલક્ષી સંકુલ ખાતે આયોજિત છે.

- સવારના નવકારશી : ૭:૩૦ થી ૯:૦૦ સુધી
- બપોરના પ્રસાદ : ૧૦:૩૦ થી ૧:૦૦ સુધી
- સાંજે પ્રસાદ : ચોવિહાર : ૫:૩૦ થી દિવસ આથમે
- સંધ્યા ભોજન : ૭:૩૦ થી ૯:૩૦ સુધી
- આખો દિવસ પ્રોગ્રામ સમયે ચ્હા,કોફી, ઠંડા શરબત અને હળવો નાસ્તો મંદિર પરીસર માં પાછળ ની બાજુ ચાલુ રહેશે. ખાસ નોંધ જે ભાવિકો કા.સુદ છઠ ના સ્થાનીકે આવી ગયા છે તેમના માટે સંધ્યા ભોજન નિલમ વાડી ખાતે આયોજિત કરવામાં આવેલ છે તો અવશ્ય લાભ લેશો. લિ. શ્રી મામલ માતાજી ભાવિક સંઘ પટેલ ચોક ભુજપુર વતી પ્રમુખ શ્રી મહેશભાઈ પ્રેમજી દેઢિયા તા ટ્રસ્ટીગણ.

4/1/1(30) -------- (A-13357)(5-14)

## પ.પૂ. કુળદેવી શ્રી અંબિકા મા છેડા ભાવિક મંડળ (રાયણ)

આપણા સહુની ઉપર ખુબ શુભ મંગલ આશીષ વરસાવનારી પ.પૂ. કુળદેવી શ્રી અંબિકામાના આદેશ અનુસાર ૧૦માં ત્રી-વાર્ષિક સમુહ જુકાર કારતક સુદ અગીયારસ, તા. ૨-૧૧-૨૫ને રવિવારના દિવસે છે. કાર્યક્રમની રૂપરેખા આ મુજબ છે. (૧) સવારે ૭.૩૦ થી ૮.૩૦ ક. ચા-નાસ્તો (૨) સવારે ૮.૩૦ વાગે મંદિરે વાજતે-ગાજતે પ્રવેશ (૩) સવારે ૯ વાગેથી એક એક પરિવારોની કુળદેવી માં પાસે પ્રાર્થના વિધીકાર મહારાજ સાથે. (શક્ય હશે તો LED સ્ક્રીન ઉપર વડીલોના ફોટા સાથે) (૪) સવારે ૯.૦૦ વાગેથી સંગીત મંડળી સાથે વડીલ વંદના તથા માવડીના ગીત ભજન (૫) સવારે ૧૧.૦૦ વાગે પૂજ્ય ભોઈમાને ધોત અર્પણ તથા ૧૦માં જુહાર ચડાવવાનો ગામવાઈસ ડ્રો કાઢવામાં આવશે. (૬) ૧૦ માં સમુહ જુહાર પ્રસંગે, પહેડી સાથે ગામજમણ, સ્ટીલના ડબ્બા, સંગીત, મંડપ સંપૂર્ણ ખર્ચના દાતા પરિવાર શ્રીમાન શ્રી રોહિતભાઈ પ્રેમજી ભવાનજી છેડા પરિવારની અનુમોદના, આભાર સાથે દાતા પરિવારોનું સન્માન. (૭) સવારે ૧૧.૩૦ વાગે પહેડીનો થાળ (૮) બપોરે ૧૨.૦૦ વાગે મહા આરતી (૯) બપોરે ૧૨.૧૫ થી માનો પ્રસાદ સાથે ભાવતા ભોજનીયા રાયણ જૈન મહાજનવાડી મધ્યે (૧૦) બપોરે ૧૨.૩૯ થી પૂજ્ય ભોઈમા સમુહ જુહાર ચડાવવાનો કાર્યની શરૂઆત કરાવશે. ખાસ નોંધ : આપણા ૩ વર્ષનાં સવા ત્રણ કીલો દારાના લાડુ બનાવવાના હોય છે. જે આપણે ત્રણ વર્ષ જુહારની મકલો બનાવી ચડાવી લીધા બાદ ૨ કીલો દારાના લાડુ હોળી પહેલા બનાવવાના બાકી હોય છે. જેઓ લાડુ ન બનાવી શકે અથવા એ કાર્ય પૂર્ણ કરવા અસમર્થ હોય એમની માટે પૂજ્ય ભોઈમાના સૂચન મુજબ રૂા. ૨૧૦૦/-નો નકરો ભરી રસીદ લઈ લેવી જેનો ભાવિક મંડળ ગાયોને ચારો ખવડાવી કાર્ય પુર્ણ કરી આપશે. જેને પણ ઈચ્છા હોય એ એમાં સહભાગી થઈ શકો છો. આ દિવસે ચીર જુહાર નહી થાય તથા કાળા વસ્ત્રો ધારણ કરવા નહીં. લિ. કુળદેવી શ્રી અંબિકામા છેડા ભાવિક મંડળ ટ્રસ્ટ (રાયણ).

4/1/1(3) -------- (A-13318)(6-1)

### ઈલેક્ટ્રોનીક વસ્તુઓ રીપેરીંગ

દરેક કંપનીના ફ્રીજ, એ.સી., એકવાગાર્ડ, વોશીંગ મશીન, ટી.વી., માઈક્રોવેવ, ઓવન વગેરે વસ્તુઓ રીપેરીંગ કરવા માટે સંપર્ક : રાજેશ છેડા મો. : 9987626675, 9987003083. વિઝીટ ચાર્જ રૂા. ૨૦૦/- (અમારી સર્વીસ થાણાથી કુર્લા સુધી છે.)

2/1/1(26) -------- (B-13348)(6-2)

# શૈક્ષણિક

### ગામ : ડુમરાના માતુશ્રી રતનબેન ગોસરને ભાવભીની શ્રધ્ધાંજલી : સોનગઢ રત્નાશ્રમ

દેશની સાચી સંપત્તિ બાળકો છે. આ બાળકો ચારીત્ર્યશીલ, વિનયી અને વિવેકી બને ધર્મનાં શિક્ષણ સાથે તેમજ એમની શારીરીક અને માનસિક શક્તિઓની પ્રગતિ સાથે એમનો સર્વાંગી વિકાસ શક્ય બને એ જ આ સંસ્થાનો મુળભુત હેતુ છે. આવા વિધાર્થીઓ પોતાનું, સંસ્થાનું, સમાજનું અને દેશનું જરૂર કલ્યાણ કરી કશે. ગામ : ડુમરા-ભાયખલાનાં માતુશ્રી રતનબેન ઉમરશી ગોસરની તા. ૨૬-૧૦-૨૦૨૫નાં રોજ ૧૦મી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે શ્રી ઉમરશી રવજી ગોસરએ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/-નું અનુદાન આપી સ્વજનની સ્મૃતિને કાયમ કરી. લિ. હીતેશ હીરાચંદ દંડ-કારોબારી સભ્ય-સાંધવ-૯૩૨૨૮૪૯૩૬૨.

4/1/1(18) -------- (A-13337)(6-3)

### બેરાજા-વાસુપુજ્ય જિનાલય-બેરાજા જયાબેન વિશનજી મારૂ - બિદડા

અચલગચ્છીય પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીજી મ.સા. તથા ગણીવર્ય-શ્રમણ-શ્રમણી વૃંદ આદિ ઠાણા તથા બેરાજામાં બીરાજમાન ચાતુર્માસ દરમ્યાન શ્રી ૮ કો.મો.પક્ષનાં પ.પુ. કાર્યવાહક તારાચંદજી મ.સા. આદિ ઠાણા-૩ની નિશ્રામાં તા. ૨૨-૧૦-૨૫ના બેસતા વર્ષનાં દેરાસરનાં દ્વાર ઉદ્ઘાટનનાં લાભાર્થી પરીવાર શ્રી સૂર્યકાંતભાઈ દામજી કક્કાનાં સુપુત્ર સ્વ. અંકિતભાઈનાં સ્મરણાર્થે થયો. બેરાજા ૮ કો. મો.પક્ષ-નાની પક્ષ ગામવાસીઓનાં સકળ સંઘની હાજરીમાં થયું. બેરાજા શ્રી વા.પૂ.સ્થા.જૈ.સંઘ સૌનો મન પૂર્વક આભાર વ્યક્ત કરે છે. દેરાસરનાં દ્વાર ઉદ્ઘાટન વખતે શ્રી સંઘ દ્વારા મ.સા. આદિ ઠાણા-૩ તથા સકળ સંઘને કાંઈ વધુ-ઘટુ બોલાઈ ગયું હોય અથવા કોઈનાં મન દુભાણાં હોય તો શ્રી સંઘ મિચ્છામી દુક્કડમ્ માગે છે. લિ. બેરાજા શ્રી વા.પુ.સ્વા.જૈન સંઘ વતી : પ્રમુખ કિશોરભાઈ હીરજી મામણીયા.

4/1/1(9) -------- (A-13334)(6-4)

### શ્રી પત્રી જૈન ભોજનશાળા

- મેનેજર જોઈએ છે
- પત્રી સ્થાનિકે ભોજનશાળાનાં આવક જાવકનાં હિસાબ તેમજ સ્ટાફ વગેરેની નિમણુંક તેમજ રસોઈની ગુણવત્તા બાબત દેખરેખ રાખી શકે તેવા ભાઈ અથવા બહેન જોઈએ છે.
- ખાત્રી આપવી પડશે. રહેવા-જમવાની સગવડ છે. દંપત્તિને પ્રાયોરીટી આપવામાં આવશે. સારી તંદુરસ્તી તેમજ સ્વચ્છ રહેણી કરણી વાળાએ નીચેનાં વોટસ એપ નંબર ઉપર બાયોડેટા મોકલવો. ફોન ન કરવા વિનંતી.
- ગીરીશ દેઢીયા-9821301155
- હરીશ ધરોડ-9967811888. લિ. ટ્રસ્ટબોર્ડ.

4/1/1(7) -------- (A-13349)(6-5)

### શ્રી કારાઘોઘા મુંબઈ મહાજન ટ્રસ્ટની કાર્યવાહક સમિતિની ચુંટણીની તારીખમાં ફેરફાર

શ્રી કારાઘોઘા મુંબઈ મહાજન ટ્રસ્ટની કાર્યવાહક સમિતિની ચૂંટણી જે પૂર્વે ૨૩/૧૧/૨૫ ના રાખવામાં આવેલ. તેની તારીખમાં ફેરફાર કરવામાં આવેલ છે અને હવે નવી તારીખ ૩૦/૧૧/૨૫ ના ચૂંટણી રાખવામાં આવેલ છે. જેના મુદ્દા નીચે પ્રમાણે છે.

- ૧) કાર્યવાહક સમિતિના કુલ ૯ પદ ભરવા માટે સભ્યોએ ઉમેદવારી નોંધાવવાની છે.
- ૨) ઉમેદવારી પત્રક આપવાનું અને પત્રક ભરીને સ્વીકારવાનું તા.૦૭/૧૧/૨૫ થી ૧૧/૧૧/૨૫ સુધી (સમય : બપોરના ૧૨.૦૦ થી સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધી.)
- ૩) ભરેલા ઉમેદવારી પત્રકની ચકાસણી અને ઉમેદવારોનું લિસ્ટ જાહેર કરવું તા. ૧૧/૧૧/૨૫ (સમય સાંજના ૦૭:૦૦ વાગ્યા પછી.)
- ૪) ઉમેદવારી પત્રક પાછું ખેંચવાની તારીખ ૧૨/૧૧/૨૫ થી ૧૪/૧૧/૨૫ (સમય : બપોરના ૧૨:૦૦ થી સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધી.)
- ૫) ઉમેદવારોનું અંતિમ (ફાઈનલ) લિસ્ટ જાહેર કરવું. તા. ૧૪/૧૧/૨૫ ( સમય : સાંજના ૦૭:૦૦ પછી )
- ૬) મતદાનની તારીખ : રવિવાર તા. ૩૦/૧૧/૨૫, સમય : બપોરના ૨:૦૦ થી સાંજના ૦૬.૦૦ વાગ્યા સુધી.
- મતદાન નું સ્થળ : કરસન લધુ નિસર હોલ, ૮, જ્ઞાન મંદિર રોડ, દાદર ( વે ), મુંબઈ-૨૮.
- ૭) ચૂંટણી અધિકારી તરીકે Adv. હસમુખ વી. શાહની નિમણૂક કરવામાં આવેલ છે.
- ખાસ નોંધ : ૧) ઉમેદવારી નોંધાવનાર સભ્યએ પોતાના આધાર કાર્ડ ની ઝેરોક્સ કોપી ઉમેદવારી પત્રક સાથે જોડવાની રહેશે.
- ૨) તા. ૨૯/૦૮/૨૫ સુધી જે સભ્યોનું નામ લિસ્ટમાં હશે એજ સભ્ય ઉમેદવારી નોંધાવી શકશે અને મતદાન કરી શકશે.
- ૩) ઉમેદવારી પત્રક મેળવવાનું અને ભરીને પાછું આપવાનું સ્થળ : હિરેન શેઠીયા-૯૩૨૩૯૮૯૯૦૩, મે. બોમ્બે એન્ટરપ્રાઈઝીસ, ૨૭૩/૭૭, અનંતદીપ ચેમ્બર્સ, નરશી નાથા સ્ટ્રીટ, ભાત બાઝાર, મુંબઈ-૯.
- લી. કારાઘોઘા મુંબઈ મહાજન વતી મંત્રીઓ શ્રી અનિલ હેમરાજ શેઠીઆ અને ભાવિન ઉત્તમચંદ નાગડા (સૌજન્ય : શ્રી કાંતિલાલ (ગિજુભાઈ) પ્રેમજી મારૂ-મે. ક્લાસિક સ્ટીલ્સ, ભુલેશ્વર-મુંબઈ-૨).

4/1/1(20) -------- (A-13335)(6-6)

### સી.કે. ટુર્સ

૨૦૨૫નો અંત અને ૨૦૨૬ની શુભ શરૂઆત કરો God's Own Country 'કેરલા' માં તા. ૨૭-૧૨-૨૫ થી તા. ૨-૧-૨૬. સાત દિવસ-છ રાત. ફક્ત ૨૩૫૦૦/- પ્રતિ વ્યક્તિનાં દરે માણો : મુનાર, ઠેકડી, એલેપ્પી, તીરૂવનંતમપુરમ, જટાયુ સ્ટેચ્યુ વગેરે. ૨૦૨૬નો વેલેનટાઈન ડે મનાવો દુનીયાનાં સ્વર્ગ સમાન 'કાશ્મીર' ની વાદીયોમાં. તા. ૧૦-૨-૨૬ થી તા. ૧૫-૨-૨૬. છ દિવસ-પાંચ રાત ફક્ત ૨૬૦૦૦ પ્રતિ વ્યક્તિનાં દરે (Flight Ticket સાથે) શ્રીનગર, ગુલમર્ગ, પહેલગામ, સોનમર્ગ વગેરે. ૩ સ્ટાર હોટલ સ્ટે. બ્રેકફાસ્ટ+ડીનર (પ્યોર વેજ/જૈન ફુડ) ફો. ચાર્મી કારીયા-9987728887, 9920313171.

4/1/1(6) -------- (B-13321)(6-7)

### શ્રી કચ્છ ગઢશીશા વિ. ઓ. દેરાવાસી જૈન મહાજનના આજીવન સભ્યપદ નોંધણી બાબત

અગાઉ આવેલ જાહેરાત મુજબ શ્રી કચ્છ ગઢસીસા વિશા ઓસવાલ દેરાવાસી જૈન મહાજનના આજીવન સભ્યપદ નોંધણીના ફોર્મ આપવા અને સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજીપત્રકો જરૂરી કાગદપત્રો અને મેમ્બરશીપ ફી સહિત પાછા સ્વીકારવાની પ્રક્રિયા તારીખ ૩૧/૧૦/૨૦૨૫ સુધી જ ચાલુ રહેશે જેની સર્વે ગામવાસીઓએ નોંધ લેવી. જેમણે પણ ફોર્મ ભરવાના બાકી હોય તેમણે વહેલાસર ફોર્મ ભરીને જરૂરી કાગદપત્રો અને મેમ્બરશીપ ફી સહિત તારીખ ૩૧/૧૦/૨૦૨૫ પહેલા જમા કરાવવા વિનંતી. મહાજનશ્રીના અગાઉના મેમ્બરોએ પણ રેકોર્ડ અપડેટ કરવા માટે ફક્ત ફોર્મ ભરીને અને જરૂરી કાગદપત્રો સાથે જમા કરાવી લેવા વિનંતી. મુલુન્ડ ઓફીસ એડ્રેસ - શ્રી ગઢસીસા પાંજરાપોળ અને મહાજનશ્રીની ઓફિસ ૩૦૮ / લક્ષ્મીસદન, જવેર રોડ, મુલુંડ રેલ્વે ક્રોસિંગ સાઈડ, મુલુડ વેસ્ટ, મુંબઈ ૪૦૦૦૮૦. મોબાઈલ ૭૬૬૬૧૨૨૨૧૮. ઓફીસ સમય સવારના ૧૧ થી સાંજના ૬ વાગ્યા સુધી, રવિવાર બંધ. લી. ટ્રસ્ટીઓ અને મંત્રીઓ.

4/1/1(6) -------- (A-13338)(6-8)

### શ્રી કચ્છ ગઢશીશા જૈન મિત્ર મંડળ મુંબઈનાં સભ્યપદ નોંધણી બાબત

અગાઉ આવેલ જાહેરાત મુજબ શ્રી કચ્છ ગઢસીસા જૈન મિત્ર મંડળ - મુંબઈ ના આજીવન સભ્યપદ નોંધણીના ફોર્મ આપવા અને સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજીપત્રકો જરૂરી કાગદપત્રો અને મેમ્બરશીપ ફી સહિત પાછા સ્વીકારવાની પ્રક્રિયા તારીખ ૩૧/૧૦/૨૦૨૫ સુધી જ ચાલુ રહેશે જેની સર્વે ગામવાસીઓએ નોંધ લેવી. જેમણે પણ ફોર્મ ભરવાના બાકી હોય તેમણે વહેલાસર ફોર્મ ભરીને જરૂરી કાગદપત્રો અને મેમ્બરશીપ ફી સહિત તારીખ ૩૧/૧૦/૨૦૨૫ પહેલા જમા કરાવવા વિનંતી. મુલુન્ડ ઓફીસ એડ્રેસ - શ્રી ગઢસીસા પાંજરાપોળ અને મહાજનશ્રીની ઓફિસ - ૩૦૮ / લક્ષ્મીસદન, જવેર રોડ, મુલુડ રેલ્વે ક્રોસિંગ સાઈડ, મુલુંડ વેસ્ટ, મુંબઈ ૪૦૦૦૮૦. મોબાઈલ ૭૬૬૬૧૨૨૨૧૮. ઓફીસ સમય સવારના ૧૧ થી સાંજના ૬ વાગ્યા સુધી, રવિવાર બંધ. લી. ટ્રસ્ટીઓ અને મંત્રીઓ. શ્રી કચ્છ ગઢસીસા જૈન મિત્રમંડળ- મુંબઈ વતિથી ટ્રસ્ટીઓ અને મંત્રીઓ.

4/1/1(5) -------- (A-13339)(6-9)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

# મિલન પરિવાર (બાડા • માટુંગા)ના

## વાત્સલ્યહૃદયી વેવાણશ્રીને ભાવભીની ભાવાંજલિ



## શ્રીમતી ભાવનાબેન
## અરવિંદભાઈ ખીમજી ભેદા
## (ગોળવાલા)

અરિહંતશરણ : તા. ૨૩.૧૦.૨૦૨૫

કચ્છ : **ભુજપુર** ✦ મુંબઈ : **ઘાટકોપર**

સંસ્કારી જીવન ઘડતર કરનારા,
જમાઈશ્રી **મેહુલ**ના જન્મદાત્રી માતુશ્રી....

હેત-હુંફ અને વાત્સલ્યથી ભીંજવનારા
સુપુત્રી **કાશ્મીરા**ના માતૃતુલ્ય સાસુજી...

દાદીનો ખોળો ખુંદ્યો, પ્રેમનું અમૃતપાન કીધું
દોહીત્ર **ચિ. દર્શ**ના વાત્સલ્યહૃદયી દાદી....

એવમ્ ભેદા પરિવારના હિતેશભાઈ,
વર્ષાબેન, ચિ. હેતાએ તીર્થસ્વરૂપ
'માઁ'ની છત્રછાયા ગુમાવી છે.

એ સર્વે પ્રત્યે વિશાદની પળોમાં
સંવેદના વ્યક્ત કરીએ છીએ.
જેમની સંગેના સુમધુર સંભારણા
ચિરસ્મરણીય રહેશે એવા સૌમ્યશીલ
વેવાણશ્રીના આત્મા પ્રતિ
શ્રદ્ધા સુમન અર્પણ.

**લિ. શોકમગ્ન : વેવાઈ પરિવારજનો**

**માતુશ્રી સાકરબેન કેશવજી જેઠાભાઈ સાવલા ❒ બાડા**
**અ.સૌ. વાસંતીબેન વસંતલાલ કેશવજી સાવલા**

| | |
|---|---|
| **અ.સૌ. રમીલાબેન કાંતિલાલ કેશવજી સાવલા** | **અ.સૌ. વાસંતીબેન કીર્તિકુમાર કેશવજી સાવલા** |
| **અ.સૌ. ગુણવંતીબેન રમેશચંદ્ર કેશવજી સાવલા** | **અ.સૌ. નયનાબેન હેમચંદભાઈ છેડા (ગોધરો)** |

(CLC-13367)

# મિલન મસાલા
મસ્જીદ બંદર

છગાન છેડા : 9322263819

प्रार्थना सभा

કચ્છ - ડુમરા — મુંબઇ - ડોંબિવલી

# માતુશ્રી દેવકાબેન વાલજી ગોસર



**ટુંકી માંદગીથી અરિહંતશરણ: તા.૨૪/૧૦/૨૦૨૫, ઉ.વ.૮૪**

જીવનમાં સદા હસતા રહ્યા આપ, સ્નેહથી સહુના દિલમાં વસતા રહ્યા આપ,
આ દેહ આપે ભલે છોડ્યો અમારો સાથ, છતાંય સ્મૃતિપટ પર જીવનભર રહેશો આપ.

- સાસુ-સસરા : માતુશ્રી મેઘબાઈ ખેતશી ગોસર ..................ડુમરા
- દાદા-દાદી : માતુશ્રી કેસરબાઈ દામજી ગડા ............રાયધણજર
- માતા-પિતા : માતુશ્રી કેસરબાઈ ગાંગજી ગડા ...........રાયધણજર
- નાના-નાની : માતુશ્રી જેતબાઈ દેવજી મારૂ ..................હાલાપુર
- જીવનસાથી : સ્વ. વાલજી ખેતશી ગોસર .......................ડુમરા

**પુત્ર-પુત્રવધુ**
સરલા હીરજી ગોસર................ડુમરા
**પૌત્ર-પૌત્રવધુતુલ્ય**
સોનીયા મિહીર ગોસર .............ડુમરા
**પુત્ર-પુત્રવધુતુલ્ય**
નલીની લક્ષ્મીચંદ ગોસર..મંજલ રેલડીયા
**પુત્રી-જમાઇ**
ગુણવંતી વલભજી ગાલા............મકડા
હેમલતા રમેશ ગડા...............ઉનડોઠ
નીતા ભરત વોરા ...................ડુમરા
રશ્મી અતુલ ગાલા.................દેવપુર
**પુત્રી**
સ્વ.જેષ્ઠા વાલજી ગોસર ............ડુમરા
**દોહીત્ર-દોહીત્રવહુ**
કલ્પના કીરણ ગાલા...............મકડા
**દોહીત્ર**
કેવિન ભરત વોરા ..................ડુમરા
મનન હીરેન દેઢીયા ............ગઢશીશા
**ભાવિ દોહીત્રવહુ**
રૂચી તરૂણ પાસડ ..................દેઢીયા
**દોહીત્રી-દોહીત્રીવર**
ભાવના હીરેન સોની ............બાંભડાઈ
હીરલ ભરત હેણીયા ............સાભરાઈ
વિધી પ્રતીક નાઈક .................ઉડુપી
**દોહીત્રી**
હેતસ્વી રમેશ ગડા ...............ઉનડોઠ
કીન્નરી ભરત વોરા .................ડુમરા
**ભાવી દોહીત્રીવર**
ઋષભ પરેશ પારેખ .............રાજકોટ
**દોહીત્રીતુલ્ય**
હસ્તી નીરજ ગાલા ................દેવપુર
**પરદોહીત્ર-દોહીત્રી**
ધ્રુવી કીરણ ગાલા..................મકડા
પ્રીયલ હીરેન સોની .............બાંભડાઈ
કલ્પ હીરેન સોની...............બાંભડાઈ

દિવ્ય ભરત હેનીયા..............સાભરાઈ
**જેઠ-જેઠાણી**
ભચીબાઈ દેવશી ગોસર...મંજલ રેલડીયા
કેસરબાઈ કરમશી ગોસર ..........ડુમરા
મણીબાઈ રતનશી ગોસર ..........ડુમરા
**નણંદ-નણંદોઈ**
રાણબાઈ ખીમજી ગાલા ...........ખારૂઆ
**ભત્રીજા-ભત્રીજાવહુ**
નિર્મળા મોહનલાલ ગોસર ....મંજલ રેલ.
લીલાવંતી ભવાનજી ગોસર....મંજલ રેલ.
કસ્તુર ચંદ્રકાંત ગોસર ........મંજલ રેલ.
દિવ્યા ધીરજ ગોસર...........મંજલ રેલ.
લક્ષ્મી છગનલાલ ગોસર............ડુમરા
જ્યોતિ કેશવજી ગોસર .............ડુમરા
મધુ રમણીક ગોસર ................ડુમરા
રક્ષા નવિન ગોસર .................ડુમરા
હેમલતા ચીમન ગોસર..............ડુમરા
પ્રજ્ઞા અનીલ ગોસર.................ડુમરા
**ભત્રીજી-ભત્રીજીવર**
વિમળા મણીલાલ ગાલા .....કોટડા રોહા
મધુ મહેન્દ્ર પાસડ ..................દેઢીયા
ચંદન ભુપેન્દ્ર મારૂ.................હાલાપુર
**ભાણેજ-ભાણેજવહુ**
હીરાબાઈ કલ્યાણજી ગાલા .......ખારૂઆ
વિમળા મુલચંદ ગાલા.............ખારૂઆ
મનીષા કાંતીલાલ ગાલા..........ખારૂઆ
**ભાણેજી-ભાણેજીવર**
ગંગાબાઈ કલ્યાણજી ગોસર ........ડુમરા
શાંતાબાઈ મુલચંદ દેઢીયા ...કોટડા રોહા
પુરબાઈ મણીલાલ હરીયા...........નરેડી
**કાકાઈ સાસુ-સસરા**
રતનબાઈ લીલાધર ગોસર ....મંજલ રેલ.
**કાકાઈ જેઠ-જેઠાણી**
લક્ષ્મીબાઈ હરશી ગોસર ......મંજલ રેલ.
ગંગાબાઈ હેમરાજ ગોસર .....મંજલ રેલ.

**કાકાઈ દેર-દેરાણી**
જેતબાઈ જીવરાજ ગોસર ......મંજલ રેલ.
હીરબાઈ કરમશી ગોસર ......મંજલ રેલ.
**કાકાઈ જેઠ**
સ્વ.નેણશી લીલાધર ગોસર ..મંજલ રેલ.
**ફુઈયાઈ સાસુ-સસરા**
નાનબાઈ નાગજી ....................ડુમરા
નેણબાઈ નાગજી કારાણી ..........ડુમરા
**માવિત્ર પક્ષ**
**ભાઈ-ભાભી**
મણીબાઈ ભાણજી ગડા.......રાયધણજર
વેજયંતી જેઠાલાલ ગડા ......રાયધણજર
શાંતાબેન જગદીશ ગડા .....રાયધણજર
**બેન-બનેવી**
કલ્યાણબાઈ ગાંગજી દેઢીયા.કોટડી મહા.
લક્ષ્મીબેન ચાંપશી નાગડા..........ડુમરા
લીલબાઈ મેઘજી વોરા..........નારાણપુર
**ભત્રીજા-ભત્રીજાવહુ**
શીતલ ધીરજ ગડા ...........રાયધણજર
મૃદુલ હીતેશ ગડા ............રાયધણજર
હેતલ અંકીત ગડા ...........રાયધણજર
**ભત્રીજી-ભત્રીજીવર**
ભારતી (મીના) પીન નંદુ ............વાંઢ
**ભત્રીજી**
ઉર્મી જગદીશ ગડા ...........રાયધણજર
**ભાણેજ-ભાણેજવહુ**
મંજુલા શરદ ગોસર.................ગોધરા
દક્ષા ચેતન ગડા..................ઉનડોઠ
વર્ષા પરેશ દેઢીયા..................ભુજપુર
**ફુઈ-ફુઆ**
પાનબાઈ વશનજી પાસડ...........દેઢીયા
પુરબાઈ નાગજી હરીયા ..........હાલાપુર
**ફુઈયાઈ ભાઈ-ભાભી**
વનીતા કેશવજી પાસડ.............દેઢીયા
**ફુઈયાઈ બેન-બનેવી**
મણીબાઈ કેશવજી જાગાણી.........માપર

**ફુઈયાઈ ભાઈ**
ખીયશી નાગજી હરીયા ..........હાલાપુર
જેઠાલાલ નાગજી હરીયા.........હાલાપુર
**મામા-મામી**
ખેતબાઈ શામજી મારૂ.............હાલાપુર
વાલબાઈ નાનજી મારૂ ............હાલાપુર
**માસા-માસી**
લીલબાઈ હંસરાજ નાગડા............વીઢ
ખેતબાઈ મગનલાલ હરીયા ......હાલાપુર
**વેવાણ-વેવાઈ**
ધનબાઈ હરશી ગાલા ..............મકડા
પુરબાઈ પદમશી ગડા ..............ડુમરા
કસ્તુરબાઈ દેવજી ગડા ...........ઉનડોઠ
નાનબાઈ માવજી વોરા ..............ડુમરા
પ્રેમીલા નવિન દેઢીયા ..........ગઢશીશા
કસ્તુરબેન મેઘજી ગાલા............દેવપુર
**બીજી પેઢી વેવાઈ-વેવાણ**
રેખા મનોહર દામોદર .......ઔરંગાબાદ
ભારતી ગડા .........................ડુમરા
જયાબેન વીરજી સોની...........બાંભડાઈ
ભાનુબેન ખીમજી હેનીયા ........સાભરાઈ
રેણુકા મહેશ્વર નાઈક ...........સાભરાઈ
**ભાવી બીજી પેઢી વેવાઈ-વેવાણ**
ફાલ્ગુની પરેશ પારેખ ...........રાજકોટ
હર્ષીકા તરૂણ પાસડ ...............દેઢીયા
**પરમસ્નેહી**
શ્રી દાદલ માતાજી મંદિર તથા ગૌશાળાના ટ્રસ્ટીગણ અને સ્ટાફ.....................
શ્રી ડુમરા જૈન મહાજન....................
શ્રી ડુમરા સ્નાત્ર મંડળ....................
હલ્લા સ્મૃતી બીલ્ડીંગના રહેવાસી........
શૈલેન્દ્ર સોસાયટીના રહેવાસી............
ગોસર અસોસીએટ્સના સ્ટાફ ..........
**ઋણસ્વીકાર**
માનવતા ગ્રુપ - ડોંબિવલી

**પ્રાર્થના:** રવિવાર, તા.૨૬/૧૦/૨૦૨૫, **સમય:** બપોરે ૩.૩૦ થી ૫ વાગે
**સ્થળ:** પી.પી.ચેમ્બર, ત્રીજે માળે, શહીદ ભગત સીંગ રોડ, કે.ડી.એમ.સી.ની બાજુમાં, ડોંબિવલી (પૂર્વ).

**લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.**
ત્વચાદાન કરેલ છે.

**નિવાસ:-** ૭, શૈલેન્દ્ર કો.ઓ.હા.સો, ચિતરંજન દાસ રોડ, પૂજા ફરસાણની ઉપર, આનંદ બાલભવનની બાજુમાં, ડોંબિવલી(ઈ). **મો.** હીરજીભાઈ - ૯૮૨૦૬૩૮૯૫૦

ઉપરોક્ત સગાસંબંધીઓના નામમાં શરતચુકથી કોઇનું નામ રહી ગયેલ હોય અથવા ભુલ થયેલ હોય તો ક્ષમાયાચના.

(CLA-13363)

## સ્નેહની સુવાસ અને માનવતાની મહેકથી અલંકૃત
## સૌજન્યશીલ વેવાણશ્રીને સ્નેહાંજલિ

# શ્રીમતી ભાવનાબેન અરવિંદભાઈ ખીમજી ભેદા

કચ્છ : ભુજપુર • મુંબઈ : નીલકંઠ વેલી - ઘાટકોપર



પરલોકગમન : તા. ૨૩.૧૦.૨૦૨૫

સંસ્કાર વૈભવની વિરાસત, ગુણ વૈભવની ગરિમા, જીવન કર્તવ્યની કવિતા અને વાત્સલ્યની વાટીકાથી માનવ દેહની રૂડી રીતે અજવાડ્યું.

જમાઈ / પુત્રવધુઓને સંતાનતુલ્ય સ્નેહ દર્શાવતાં રહ્યાં. જેમના આદર અને આતિથ્યભાવ સાથેના મીઠપભર્યા સંભારણા ચિરસ્મરણીય રહેશે એવા હેતવત્સલ વેવાણશ્રીના પ્રેમાળ - પુનિત આત્મા પ્રતિ ભાવભીની ભાવાંજલિ.

(CLC-13368)

લિ. શોકમગ્ન : વેવાઈ પરિવારો

**માતુશ્રી કસ્તુરબેન મોરારજી કેશવજી સાવલા (ડિલક્ષ ડાયમંડ્સ) પરિવાર ▫ વાંકી**

**માતુશ્રી ગંગાબેન ચુનીલાલ હીરજી સંગોઈ પરિવાર ▫ કપાયા**

**શ્રીમતી વાસંતીબેન વસંતલાલ કેશવજી સાવલા - મિલન પરિવાર ▫ બાડા**

છગન છેડા : 9322263819

---

# શ્રી મામલમાતા ભાવિક સંઘ-ભોરારા

## સમુહ જુહાર

ભોરારા મધ્યે બિરાજમાન દેઢિયા કુળના કુળદેવી પૂ.શ્રી મામલમાતાજીના સમૂહ જુહાર સવંત ૨૦૮૨, કારતક સુદ-૧૧, તા.૨/૧૧/૨૦૨૫ ને રવિવારના ચડતા પહોરે સ્થાનિકે માતાજીના મંદિરે ભોરારા સ્થાને નમતા દેઢિયા કુળના ભાવિકો, નિયાણી બહેનો અને આમંત્રિત મહેમાનોની હાજરીમાં વિધી-વિધાન પૂર્વક ઢોળાશે.

**સમુહ જુહાર પ્રસાદીના ડબ્બા-બેગનો અમૂલ્ય લાભ લેનાર દાતાશ્રી**



**માતુશ્રી અમૃતબેન ભાઈલાલ કરમશી દેઢિયા**

હસ્તે : પૌત્ર – ચિ. દિપ હિના ધીરજ દેઢિયા

પૌત્રી – ચિ.રિદ્ધિ નીતા સુનીલ દેઢિયા

દાતાશ્રી પરિવારની શ્રી સંઘ અનુમોદના કરે છે અને પૂ. મામલમાતા દાતાશ્રી પરિવાર અને સર્વે ભાવિકો પર સદૈવ અમીદ્રષ્ટિ વરસાવતા રહે અને ચડતી રાખે એજ અભ્યર્થના...



ભોરારા સ્થાને નમતા દેઢિયા કુળના ભાવિકો, ગામમાં સ્થાનિકે ઉપસ્થિત સર્વે જૈન પરિવારો, નિયાણી બહેનો અને આમંત્રિત મહેમાનોને તા. ૦૨-૧૧-૨૦૨૫ના સંપુર્ણ દિવસ શ્રી સંઘના રસોડે સ્વામીવાત્સલ્યનો લાભ આપવા વિનંતી.

સંગીતકારઃ કમલેશ ગોસાઈ પૂ. માતાજીના ગરબાની રમઝટ જમાવશે

**ખાસ સૂચનોઃ** • ચીરજુહાર કરનારે પોતાની રીતે આગલા દિવસે કરી લેવા. • શ્રી ફળની જોડ લાવવી નહીં. • સમુહ જુહાર માટે ઘર દીઠ એક જણની હાજરી અનિવાર્ય છે. • સમુહ જુહાર નોંધણીની પાવતી લઈ આવનારને જ પ્રસાદીના ડબ્બા/થેલી મળશે.

**ખાસ નોંધઃ** સમુહ જુહારના દિવસને સાધર્મિક ભક્તિના દાતા નહીં મળતા નીચેના માત્ર બે ચડાવા લેવામાં આવશે.

૧) સમુહ જુહારની પ્રભાતમા દ્વાર ઉદ્‌ઘાટન (જેનો ચડાવો પૂર્વ સંધ્યા આરતી દરમિયાન થશે)

૨) તા.૨-૧૧-૨૫ ના સમુહ જુહાર બાદ માતાજીની આરતી.

(CLB-13355)

**વિશેષ નોંધઃ** મંદીરે આવતા દરેક જણને ખાસ વિનંતી કે કાળા વસ્રો પહેરવા નહીં અને મર્યાદાપૂર્વક વસ્રો પહેરીને જ મંદિરમાં પ્રવેશ કરવો.

લિ. ટ્રસ્ટીઓ

SONI GRAPHICS 9653103959

---

## શ્રી હિતેશભાઈ, શ્રી મેહુલભાઈ અને એમના પરિવારને માતૃવિયોગ



### વાત્સલ્યમૂર્તિ માવડીને ભાવાંજલિ...

# માતુશ્રી ભાવનાબેન અરવિંદભાઈ ભેદા

કચ્છઃ ભુજપુર • મુંબઈઃ ઘાટકોપર

અરિહંતશરણ તા.: ૨૩-૧૦-૨૦૨૫

જેવું નામ એવો સ્વભાવ,
ભાવથી ભરેલા વાત્સલ્યમૂર્તિ,
મમતાળું અને પ્રેમાળ...
એવા અમારા ભેદા પરિવારનો છાંયડો વિલોપ થઈ ગયો.
આ ભવ્ય જીવને પરમાત્મા સિદ્ધપદ દેજો એજ પ્રાર્થના સહ...

(CLC-13362)

લિ. શોકાતુર

| | |
|---|---|
